મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૯૨ ટકા

**ગાંધીનગર તાપમાન**

# સે-૧માં ગટરો ઉભરાતા નાગરિકો ત્રાહીમામ

## ગટરોના પાણી બેક મારતા ગંદા પાણીના ખાબોચીયા ભરાયા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના વીવીઆઈપી સેકટર-૧ના રહેણાંક વિસ્તારમાં છેલ્લા દસ દિવસથી ઘર આગળ ગટરો ઉભરાતી હોવાના કિસ્સા સામે આવી રહ્યા છે. ગટરોના ગંદા પાણી માર્ગો પર અને આસપાસ ભરાઈ રહેતા દુર્ગંધથી સ્થાનિક રહીશો હેરાન પરેશાન થઈ ઉઠ્યા છે. સેકટરના આંતરીક માર્ગ પરથી પસાર થતા મોં પર રૂમાલ ફરજીયાત રાખવો પડે તેવી સ્થિતિ ઉદ્ભવી છે. મચ્છરોના ત્રાસથી સ્થાનિક રહીશો શાંતિથી સુઈ પણ શકતા નથી. હાલની સ્થિતિએ મચ્છરજન્ય રોગચાળો વકરી રહ્યો છે ત્યારે ગટરોના ગંદા પાણી તાત્કાલીક અસરથી બંધ થાય તેમ સ્થાનિક રહીશો ઈચ્છી રહ્યા છે. તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતા કોઈ પરિણામ આવ્યું નથી. તંત્રના નિંદ્રાધીન અધિકારીઓના કાને વસાહતીઓની રજુઆત સંભળાતી નથી. ગટરોના ગંદુ પાણીને પગલે નાગરીકોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાઈ રહ્યો છે.

ગાંધીનગર શહેરનું સેકટર-૧ વીવીઆઈપી તરીકે ઓળખાય છે. અહીંથી ફોન જાય એટલે અધિકારીઓ ઉભા થઈ જાય છે. તંત્રના અધિકારી-કર્મચારીઓ ફોન આવતા જ તુરંત સમસ્યા હલ કરવા જતા રહે છે. પરંતુ છેલ્લા અઠવાડીયાથી સેકટર-૧ના રહેણાંક વિસ્તારમાં ઘર પાસે આવેલી ગટરો ઉભરાતી હોવાના બનાવ સામે આવી રહ્યા છે. સમદર્શનની આસપાસ ગંદકી ફેલાતા ચાલવા માટે નીકળતા નાગરીકો પણ માર્ગ બદલી દે છે તેવી દુર્ગંધ ફેલાયેલી છે. તો કેટલાક મકાનોમાં ગટરોના પાણી બેક મારતા નાગરીકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. સે-૧માં ગટરના ગંદા પાણી ભરાઈ રહેતા મચ્છરોનો ત્રાસ વધી જવા પામ્યો છે. શહેરમાં રોગાચાળો વકરી રહ્યો છે તેવી સ્થિતિમાં અહીં વસવાટ કરતા નાગરીકોના આરોગ્ય પણ ઝોખમાય તેવી સ્થિતિ છે. સ્થાનિક વસાહતીઓ દ્વારા તંત્ર સમક્ષ અનેકવાર ફરિયાદ કરવામાં આવી છે. છતા તંત્ર દ્વારા ગટરોનો પ્રશ્ન હલ થતો નથી. ત્યારે વીવીઆઈપી સેકટરની રજુઆત જો તંત્ર ઘોળીને પી જતું હોય તો સામાન્ય નાગરીકોની શું હાલત થતી હશે.

# શહેરમાં કલાત્મક ગણેશજીની મૂર્તિઓનું વેચાણ

ગાંધીનગર, તા.૨૦

ગણપતિ મહોત્સવને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે શહેરના બજારોમાં ગણપતિજીની વિવિધ કલાત્મક મૂર્તિઓનું આગમન થઈ ચુક્યું છે. આ વર્ષે જીએસટીને પગલે મૂર્તિના ભાવમાં ૫ ટકાનો વધારો નોંધાયો છે. શહેરના બજારમાં રૂ.૫૦ થી લઈને રૂ.૫૦૦૦ સુધીની ઈકોફ્રેન્ડલી મૂર્તિ વેચાણઅર્થે આવી પહોંચી છે. શહેરના સેકટર-૭, ૨૧ અને ૨૪ ના બજારોમાં સાંજ ઢળતા જ ગણેશજીની મૂર્તિની ખરીદી કરવા નાગરીકોની ભારે ભીડ જામે છે.



ગાંધીનગર શહેરમાં ગણેશ મહોત્સવ ધામધુમપૂર્વક ઉજવવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. શહેરના વિવિધ મંડળો અને સામાજીક સંસ્થાઓ દ્વારા ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. ત્યારે બદલાતા જમાના પ્રમાણે ગણેશ મહોત્સવ પણ આધુનિક બનતા જાય છે. શહેરમાં આયોજીત ગણેશ મહોત્સવમાં દરરોજ વિવિધ સ્પર્ધાઓ, ભજનો, આનંદના ગરબા, ડાયરો, મ્યુઝીકલ પાર્ટી, નાટક, સહિતના ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. જેથી ગણેશજીની મૂર્તિઓ પણ શહેરમાં અંદાજીત ૧૫૦૦ થી વધુ વેચાય છે. ધર્મપ્રેમી જનતા માટીની મૂર્તિ સવિશેષ પસંદ કરે છે. ગણેશજીની મૂર્તિઓ વિવિધ વિષયો પર કલાકારો દ્વારા કલાત્મક તૈયાર કરવામાં આવે છે. શહેરના સેકટર-૨૧,૨૨,૨૪, તેમજ ૭ના બજારમાં મૂર્તિઓ વેચાણ અર્થે આવી ગઈ છે. રૂ.૫૦ થી લઈને રૂ.૫૦૦૦ સુધીની મૂર્તિઓ ઉપલબ્ધ છે. જયારે ગણેશજીનો પૂજાપો પણ રૂ.૫૧ થી રૂ.૨૫૧માં સરળતાથી મળી રહે છે. જેમાં મુગટ, મોતીનો હાર, ખેસ અને ગુલાલ સહિતની ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે. ગણેશ મહોત્સવને પગલે શહેર ગણેશમય બની જશે. ગણેશ મહોત્સવને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે વિઘ્નહર્તાની ઘરે પધરામણી માટે નાગરીકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.



પવિત્ર શ્રાવણ માસ તેના અંતિમ ચરણમાં છે જેના કારણે શહેરમાં ધાર્મિક કાર્યક્રમોના આયોજનોની વણઝાર જોવા મળી રહી છે. ગાંધીનગરના સેકટર-૮ સ્થિત વિખ્યાત ત્ર્યંબકેશ્વર મહાદેવના મંદિરે પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના શ્રધ્ધાળુ ભાવિકો મોટી સંખ્યામાં ઉમટયા હતા.

# પાલજ ગામના કુવામાં મહિલાએ છલાંગ લગાવી હોવાની આશંકા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીક આવેલા પાલજ ગામમાં એક કુવામાં ગામની એક મહિલાએ છલાંગ લગાવી હોવાનો કોલ ગાંધીનગર ફાયરબ્રિગેડને મળતા ટીમ પાલજ ગામમાં પહોંચી ગઈ હતી. કુવામાં ફાયરબ્રિગેડની ટીમે કલાકો સુધી શોધખોળ કરી પરંતુ મોડી સાંજ સુધી કુવામાંથી મહિલાની કોઈ ભાળ મળી આવી ન હતી.

મળતી માહિતી મુજબ આજે બપોરનાં અરસામાં ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ મળ્યો હતો કે પાલજ ગામના પાણી ભરેલા કુવામાં કોઈ મહિલાએ પડતુ મુક્યુ છે. ગામનાં જ કોઈ વ્યક્તિએ કરેલા આ કોલને પગલે ફાયર ઓફીસર મહેશ મોડની ટીમનાં ડે.ફાયર ઓફીસર ચિનુભાઈ પટેલ તેમના કાફલા સાથે પાલજ પહોંચી ગયા હતા. કુવામાં ઉતરીને અંદર કલાકો સુધી શોધખોળ કરવા છતા મહિલાની કોઈ ભાળ મળી આવી ન હતી. મોડી સાંજ સુધી તપાસ કર્યા બાદ કાંઈ ન મળતા ફાયરબ્રિગેડની ટીમ પરત રવાના થઈ હતી. જો કે મહિલા ડુબી હોવાની આશંકાને પગલે કાલે ફરી કુવામાં તપાસ કરવામાં આવશે તેમ ફાયર ઓફીસર મહેશ મોડે જણાવ્યુ છે.



ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી ત્યારે શહેરના સે-૭-બીના રહીશો દ્વારા પણ ઘર પાસે તિરંગો લહેરાવી સોસાયટીના રહીશોએ સલામી આપી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરી હતી. આ પ્રસંગે નાના બાળકોથી લઈ મોટી વયના નાગિરકો પણ જોડાયા હતા.



શહેરમાં વ્યાપેલા સ્વાઈન ફ્લુના રોગચાળાને નાથવા તંત્ર તથા સ્વૈચ્છિક અને સામાજિક સંસ્થાઓ દ્વારા કમર કસવામાં આવી છે. શહેરમાં અનેક ઠેકાણે આયુર્વેદિક ઉકાળાના વિતરણની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.





## @ગાંધીનગર

● સે-૨૩ બ્રહ્મસમાજ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના જશોદાબા જાની, પ્લોટ નં. ૪૮, વિરાટનગર ખાતે યોજાશે.

● રામધામ વાવોલ ખાતે રામકથાની પૂર્ણાહૂતિ યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ રાત્રિના ૯ થી ૧૦ કલાક દરમિયાન ઈન્દ્રવદન સી. પંડયા, પ્લોટ નં. ૨૭૮/૧, કિસાનનગર ખાતે યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ હેમેન્દ્રભાઈ દવે, પ્લોટ નં. ૧૩૩૩/૨, સે-૭-ડી ખાતે યોજાશે.

● દેના બેંક અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા મુદ્રા લોન વિતરણ કાર્યક્રમ તથા સ્ટેન્ડ અપ ઈન્ડિયા લોન વિશે માર્ગદર્શન શિબિરનું આયોજન સાંજે ૪.૦૦ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ, સે-૧૨ ખાતે યોજાશે.

## વાતવાતમાં

● શહેરના ઘ-૨ સર્કલ નજીક કડિયા નાકા ખાતે આયોજિત શ્રમિક અન્નપૂર્ણા યોજનાના કાર્યક્રમમાં કેન્દ્રિય મંત્રી મનસુખ માંડવિયાને સત્કારવા ફુલના બુકે સહિતની વ્યવસ્થા કરાઈ હતી. જો કે સવારમાં તે સમયે વરસી પડેલા મેઘરાજાને પ્રતાપે અભિવાદન કાર્યક્રમ પડતો મુકી સીધું ભોજન પીરસવા પર ધ્યાન આપવાનું આયોજકોએ મુનાસિબ માન્યું હતું.

● શહેરમાં વરસેલા વરસાદને પગલે અનેક ટુ વ્હીલર ચાલકોની સ્લીપ ખાઈ જવાની ઘટનાઓ શહેરના માર્ગો પર જોવા મળી હતી. વળી સાંજના સમયે આકાશી વિજળી સાથે થયેલા ગગનભેદી કડાકાને કારણે કારચાલકો કારમાં બેઠા બેઠા પણ ફફડી ઉઠયા હતા.

● વાવોલ થઈને પસાર થતા ‘ક’ માર્ગના એકસ્ટેન્શન રોડ પર ગરનાળા સહિત રોડને નવેસરથી બનાવવાનું કામ હાથ ધરાયું છે. આ કાર્યને પગલે ક રોડ પરના પેટ્રોલ પંપની નજીકના નવા માર્ગેથી ભારે વાહનો માટે ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. જેના કારણે આ માર્ગ પર ટ્રાફિક જામ થવાની સમસ્યા ઉભી થવા પામી રહી છે.

## આઈ લવ માય ગાંધીનગર



**જય મેરજા**

**ગાંધીનગર ગમે**

ગાંધીનગર મારી કર્મભૂમિ છે એટલા માટે અને શાંત, પ્રદૂષણથી મુક્ત તથા હરિયાળું નગર છે એટલા માટે પણ ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, સંસ્કારી, નોકરીયાત, કલા-સંસ્કૃતિપ્રેમી અને સેવાભાવી નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

શિવરંજની, કલરવ, કલાગુર્જરી, કડી સર્વવિદ્યાલય, જુનિયર સિટિઝન કાઉન્સિલ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમની શિક્ષણ, સેવા તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા, શહેરના વિકાસ પ્રત્યે સંવેદના અને યુવાવિકાસના નક્કર કાર્યક્રમોની જરૂરિયાત અનુભવી રહ્યો છું.

**નગર માટે હું કરી શકું**

રોજગાર કાર્યક્રમો માટે મારી સઘળી સહાય શહેરને પૂરી પાડવા માટે હું તત્પર છું.

# મારાથી હવે દર્દીઓને મળી શકાતુ નથી

## અનેક સેવાકાર્યોથી મહેંકતા ગાંધીનગરના સેવાકાર્યોની ‘ગંગોત્રી’ એટલે ખારોડ સાહેબ તેમનાથી પ્રેરિત થઈ વિકસેલી સંસ્થાઓ શહેરને સંસ્કારી નગરીનો દરજ્જો અપાવી રહી છે



**સંબંધ સજાવે જિંદગી**
**સમીર રામી**


ગાંધીનગર, તા.૨૦

ગુજરાતમાં અતિવૃષ્ટિએ તારાજી સર્જી અને હજારો પરિવારો બે ઘર થવા પામ્યાં. આપત્તિની આ ઘડીમાં રાજયભરમાંથી સેવાની સરવાણી વહી જેમાં ગાંધીનગર પણ અગ્રેસર રહેવા પામ્યું હતું. બીજી તરફ પૂરના પાણી માંડ ઓસર્યા ના ઓસર્યા ત્યાં સ્વાઈન ફ્લુ સહિતા રોગચાળાએ સમગ્ર રાજયને ભરડામાં લઈ લીધું છે. આ પરિસ્થિતિમાં રાજયની તમામ સરકારી હોસ્પિટલ્સ અને દવાખાના દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. આ પ્રકારની સ્થિતિમાં નિઃસ્વાર્થ સેવા કરતા નાગરિકો તંત્રને મદદરૂપ થઈ આશીર્વાદરૂપ બને છે. ગાંધીનગર શહેર સેવાકીય પ્રવૃત્તઓથી મહેકતું શહેર છે.જો કે એક સમયે જયારે આ પાટનગર તેના વિકાસના પ્રારંભિક તબક્કામાં હતું ત્યારે શહેરમાં સેવા કાર્યની ‘નીવ’ જેમણે રાખી હતી તેમનું નામ છે ગજેન્દ્ર ન. ખારોડ. આખા શહેરમાં ખારોડ સાહેબના નામથી ઓળખાતી આ વિરલ વિભૂતિ ગાંધીનગરમાં થઈ રહેલા તમામ સેવાકાર્યોની ‘ગંગોત્રી’ તરીકે ઓળખાય છે.

સૌરાષ્ટ્રના હૃદયસમા જુનાગઢના મૂળ વતની એવા ખારોડ સાહેબ ગુજરાત સરકારમાં મુખ્ય ઈજનેર જેવો અત્યંત ઉચ્ચ હોદ્દો શોભાવતા હતા. સિત્તેરના દાયકાના એ સમયમાં તેઓ અમદાવાદ રહેતા હતા જયાં તેઓ મોર્નિંગ વોકમાં નીકળે ત્યારે રસ્તામાં જયાં જરૂરિયાતમંદ વર્ગના બાળકોને જુએ એટલે તેમની સાથે વાત કરે અને ફળો ઉપરાંત તેમને જરૂરી ચીજવસ્તુઓ પુરી પાડી મદદરૂપ થવા પ્રયત્ન કરે. ધીમે ધીમે આ પ્રવૃત્તિમાં અન્ય મોર્નિંગ વોકર્સ પણ જોડાયા અને તે સમયે તેઓ દર મહિને ત્રણેક રૂપિયા જેટલો ફાળો ઉઘરાવી તેમાંથી સાતથી આઠ બાળકોને અભ્યાસ માટે મદદરૂપ બનતા હતા. ૧૯૭૦ પછી તેઓ ગાંધીનગર રહેવા આવ્યાં.

અહીં તેમને જયારે પણ સમય મળે ત્યારે તે વખતે સેકટર-૨૧ સ્થિત સિવિલ હોસ્પિટલમાં પહોંચી જતા અને જો કોઈ જરૂરિયાતમંદ દર્દી દેખાય તો તેની સાથે વાત કરી તેની મુશ્કેલી દૂર કરવા પ્રયત્ન કરતા. દરરોજ સાંજે પાંચ વાગ્યા પછી તેઓ સાયકલ લઈને સિવિલ હોસ્પિટલ પહોંચી જતા અને પછી ગરીબ દર્દીઓને દવા, કપડાં કે બાળકોને પુસ્તકો વગેરે માટે મદદરૂપ બનતા હતા. આ પ્રવૃત્તિ દરમિયાન તેમને ધ્યાનમાં આવ્યું કે સિવિલ હોસ્પિટલમાં રકતની ખૂબ જરૂર પડે છે અને અણીના સમયે ‘રકત’ વગર ગરીબ દર્દીઓને જીવ ગુમાવવાનો વારો આવે છે. બસ એ પછી તેમણે રકતદાનની પ્રવૃત્તિનો પ્રારંભ કર્યો અને અડધી રાત્રે પણ કોઈ તેમના દ્વારે રકતની જરૂરિયાત માટે આવે તો જાતે જ સાથે જઈ ઘરે ઘરે દરવાજો ખખડાવી ‘રકતદાન’ની વ્યવસ્થા કરી આપતા. આ સાથે તેમણે સે-૨૮ની બ્હેરાં મુંગા શાળામાં દર માસના ચોથા શનિવારે નિયમિત રકતદાન શિબિર યોજવા માંડી જેમાં શરૂઆતમાં કયારેક માત્ર બે કે ત્રણ બોટલ જ રકત એકત્ર થતું હતું.

તે સમયે બ્લડ બેંક જેવી કોઈ વ્યવસ્થા નહોતી એટલે સહયોગીઓએ રકતદાતાઓને સીધા સિવિલ હોસ્પિટલ લઈ જવા સૂચન કર્યું પણ ખારોડ સાહેબ એટલા માટે ના પાડતા કે ‘અહીં રકતદાન શિબિર જોવા આવતા નાગરિકોને બ્હેરાં-મુંગા શાળા પણ છે તેવી ખબર પડે તો એમને એમાં કોઈ મદદ કરવી હોય તો કરી શકે ને.’ આવી ઉમદા સેવા ભાવનાને કારણે તેમને વધુને વધુ સહયોગીઓ મળવા લાગ્યાં. આશરે ૧૯૮૬માં નિવૃત્ત થયા બાદ તેમની આ પ્રવૃત્તિને વેગ મળ્યો અને તેમણે સદભાવ ટ્રસ્ટની સ્થાપના કરી. આ ટ્રસ્ટમાં મોટા ભાગનું ફંડ તેમનું જ રહેતું કેમ કે તેઓ કોઈની પાસે દાન માંગતા નહીં, સામેથી મળે તો



સ્વીકાર કરતા. નિવૃત્તિ બાદ તેઓ નિયમિત સિવિલ હોસ્પિટલ જતા અને ખાટલે ખાટલે ફરી દર્દીઓને મળી તેમાંથી જરૂરિયાતમંદ દર્દીને મદદરૂપ બનતા. ઘણા ગરીબ દર્દીઓ તો એમને જુએ એટલે હાશકારો લેતા કે હવે તેમની સારવાર સારી રીતે થઈ જશે. આ સેવા દરમિયાન તેમણે જોયું કે સિવિલમાં દાખલ થયેલા ગરીબ દર્દીઓને જમવાની ખૂબ મુશ્કેલી પડે છે અને તેમણે આ માટે ટિફિનની સેવા આપવાનું ચાલુ કર્યું. આ સેવાની જરૂરિયાત વધતા તેમણે શહેરના અનેક સેવાભાવી નાગરિકોને પ્રેરિત કરી તેમના ઘરેથી સપ્તાહના એક દિવસ નિયમિત ટિફિન મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવી અને આ સેવાનો વ્યાપ વધાર્યો હતો. દર્દીઓને દવાના પૈસા, આવવા જવાના ભાડાના પૈસા, ટિફિન, ઉનાળામાં પગરખાં, કપડાં, શિયાળામાં ગરીબોને ધાબળા, ચોમાસામાં ઝુંપડપટ્ટીમાં રહેનારાઓને પ્લાસ્ટિકની તાડપત્રી, દિવાળી સહિતના તહેવારોમાં મિઠાઈ વિતરણ જેવી અનેક સેવાઓનો સમાવેશ થતો ગયો અને તેમ તેમ તેમની સેવા ભાવનાથી પ્રેરિત થઈ અનેક સેવાભાવીઓ પણ જોડાવા લાગ્યાં.

ખારોડ સાહેબના કરૂણાભર્યા સેવા કાર્યમાં તેમના પત્નિ જયોતિલાબેન જેમને બધા ‘જગુબેન’ તરીકે ઓળખે છે તેઓ હંમેશા ખભેખભા મિલાવી સાથ આપતા. જગુબેન પોતે એક સારા લેખિકા છે અને ‘ઘર ઘરની જયોત’માં તેઓ નિયમિત લખતા હતા. આમ પતિ-પત્નિમાં રહેલા સેવા, સાદગી અને શિક્ષણના ત્રિવેણી ગુણોનો સમન્વય તેમના ત્રણેય દિકરાઓમાં પણ ઉતર્યો છે. હંમેશા પ્રચાર-પ્રસિધ્ધિથી દૂર જ રહેલા ખારોડ સાહેબે આરંભેલ સેવા યજ્ઞમાં બિનવારસી લાશોની અંતિમ ક્રિયા જેવી સેવાઓનો પણ ઉમેરો થયો હતો. તેમની આર્થિક મદદને કારણે એક રીક્ષા ચાલકને કિડની ટ્રાન્સપ્લાન્ટનું ઓપરેશન, એક મહિલાને ઘૂંટણનું રિપ્લેસમેન્ટ જેવા અનેક મોટા ખર્ચામાં ગરીબ દર્દીઓને સથવારો મળી રહેતો હતો. ખારોડ સાહેબની આ જ સેવા પ્રવૃત્તિઓ વિસ્તાર પામીને શહેરમાં જુનિયર સિટિઝન કાઉન્સિલ, સહયોગ મંડળ જેવી અનેક સંસ્થાઓ બની સેવા સુવાસથી શહેરને મહેંકાવી રહી છે. તેઓ સરકારમાં ઉચ્ચ હોદ્દા પરના અધિકારી હોવા છતાં તેમની સાદગી એટલી હતી કે ઓફિસેથી ઘરે પરત ફરવા માટે પણ સરકારી ગાડી નહી પોતાની સાયકલ જ વાપરતા હતા. આપણે ગાડી લઈશું નહી તેવો નિર્ણય પત્નિને વિશ્વાસમાં લઈને કર્યો હતો જે આજે ૯૦ વર્ષની ઉંમરે પણ જાળવ્યો છે. તેમની સેવા કાર્યોની કહાની અને તેમની પ્રેરણાથી કાર્યરત સંસ્થાઓની સિધ્ધિઓથી અખબાર આખું ઓછું પડે તેવા સેવાક્ષેત્રના ગાંધીનગરના ‘ભિષ્મ પિતામહ’ સમા ખારોડ સાહેબ આજે ૯૦ વર્ષની જૈફ વયે હોવાથી સિવિલ હોસ્પિટલમાં જઈ શકતા નથી તો અફસોસ કરે છે કે ‘મારાથી હવે દર્દીઓને મળાતુ નથી.’ સો-સો સલામ પણ ઓછી પડે એવા સાચા સેવકને હૃદયથી વંદન.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## સે-૨૨ ગણેશ મહોત્સવમાં હલ્દી-કંકુ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૨૦

જયોતિ મહિલા મંડળ ગાંધીનગર અને સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ અંતર્ગત તા. ૨૮-૮-૨૦૧૭ના રોજ બપોરે ૧.૩૦ કલાકે સે-૨૨ના રંગમંચ પાછળ, સે-૨૨ના શોપીંગ ગ્રાઉન્ડમાં નગરની બહેનો માટે હલ્દી-કંકુ અને આરતી સુશોભન ફુલદાની શણગાર તેમજ ભજન સ્પર્ધાનું આયોજન કરેલ છે. આ કાર્યક્રમમાં બહેનોને વિશાળ સંખ્યામાં ભાગ લેવા સંસ્થાના પ્રમુખ ડૉ. ચેતના બુચે નમ્ર અનુરોધ કરેલ છે.

## ચિરવિદાય

- સ્વ. કંકુબેન દ્વારકાદાસ પટેલ, ઉ.વ. ૮૦
- સ્વ. રૂખીબેન પ્રતાપજી ઠાકોર, ઉ.વ. ૭૦
- સ્વ. નટુભાઈ શકરાભાઈ દરજી, ઉ.વ. ૫૭
- સ્વ. અરજણજી જવાનજી ઠાકોર, ઉ.વ. ૭૦
- સ્વ. આર્શીન અંગમુતુ મદ્રાસી, ઉ.વ. ૮૫